| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૬/૦૧/૨૦૨૦  સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**                **સમાચાર યાદી નં.૩૮/૨૦૨૦**

**vadaj police station**

Kindly help for awareness among the citizens of Ahmedabad to contribute in blood donation camp organized by vadaj police station for children suffering of thalassemia. Each patient need around 30 units of blood per year and Ahmedabad police has adopted these children to fulfill their blood requirement. Kindly help for more and more people join this noble cause and donate blood. I hope for your kind support and motivation. Good day ahead. L b zala Acp b division











## કારંજ પોલીસ સ્ટેશન

## કારંજ પો.સ્ટે.ના ઘરફોડચોરીના આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી કારંજ પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી “સી” ડિવીઝન નાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સિ.પો.ઇન્સ. શ્રી એફ.એમ.નાયબ તથા સે.પો.ઇન્સ. શ્રી એમ.એ.તળપદા સા.ના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. આર.આર.ગરચર તથા અ.હે.કો બાબુભાઈ હોથાભાઈ બ.નં ૮૮૪૧ તથા અ.હે.કો ગણપતભાઈ અમરાભાઈ બ.નં.૩૬૦૩ તથા અ.પો.કો. કલ્પેશકુમાર ભેમજીભાઇ બ.નં.૬૨૯૧ તથા અ.પો.કો. દિનેશભાઇ ગલબાભાઇ બ.નં.૫૭૨૦ તથા અ.પો.કો પ્રધ્યુમનસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૪૭૭૬ તથા અ.પો.કો. જયદીપસિંહ ભીખાભાઇ બ.નં.૧૩૨૦૧ તથા અ.પો.કો. ગોપાલભાઇ રમેશભાઇ બ.નં.૯૫૦૨ તથા વુ.લો.ર. સોફીયાબાનુ અબ્દુલહમીદ બ.નં.૧૦૫૬૭ તથા વુ.લો.ર. જીજ્ઞાશાબેન બળદેવભાઇ બ.નં.૧૬૨૨ નાઓ સાથે બનેલ ઘરફોડ ચોરીના બનાવ બાબતે જુદી-જુદી જગ્યાઓએ તપાસ કરી આરોપીઓ નામે (૧) વિસ્તાસ્પ S/O જીમ્મી કેકી જાતે-ટાંગરી (પારસી) ઉ.વ.૨૦ હાલ રહે:- મોદી બ્લોક નં.૨ પારસી ડુંગરવાડી ઇન્દ્ર ચાચા બ્રીજની સામે જશોદાનગર વટવા અમદાવાદ શહેર મુળ વતન:- ગામ-કેવડી નિશાળ ફળીયુ તા-વાસદા જી-નવસારી (૨) કાર્તીકસિંહ હિંમ્મતસિંહ જાતે-પરમાર ઉ.વ.૨૪ રહે:- એ-૨૫ પ્રગતી પાર્ક કેનાલ રોડ ગોરના કુવા મણીનગર અમદાવાદ શહેર નાની પાસેથી ઘરફોડ ચોરીના મુદ્દામાલ તેમજ ચોરી કરવામાં વાપરેલ મો.સા. બજાજ પલ્સર RS-200 કિં.રૂ.૧,00000/- તથા ચોરીના રૂ.૫,૮૬૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૦૫,૮૬૦/- સાથે પકડી કારંજ પો.સ્ટે. ગુ.ર.ન. A-11191027200006/2020 IPC કલમ ૩૭૯,૪૫૭,૪૫૪ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



# <u>સેટેલાઈટ પોલીસ સ્ટેશન</u>

**<u>પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતો સેટેલાઈટ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ</u>**

અમદાવાદ શહેર નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ સાહેબનાઓની તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એન" ડીવીઝનસાહેબનાઓની સુચના મુજબ પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારુ **સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટરશ્રી પી.ડી. દરજી** નાઓના માર્ગદર્શન હેઠળ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની બદી નેસ્તનાબૂદ કરવા સર્વેલન્સ I/C પો.સ.ઈ. એચ.બી. ચૌધરી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે તા-૦૫/૦૧/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથેના લોકરકક્ષક મયુરસિંહ નિકુભા નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે પંચધારા પ્લાઝા સેટેલાઈટ ખાતે એક મકાનમાં સંતાડી રાખેલ ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા વિદેશી દારૂની બ્રાન્ડના ગણનાપાત્ર જથ્થા સાથે આરોપીને પકડી કાયદેસર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

મુદામાલ:- ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો તથા વિદેશી બ્રાંન્ડની કાચની બોટલો નંગ-૫૩ કિ.રૂ. ૧,૦૦,૩૭૧/-

આરોપી:- ડાહ્યાભાઇ કેશવલાલ પંચાલ ઉ.વ.૬૭ રહે બી/૫૦૧ પંચધારા પ્લાઝા સેટેલાઇટ રોડ નહેરૂનગર સર્કલ પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર

<u>કામગીરી કરનાર ટીમ:-</u> I/C પોલીસ. સબ. ઈન્સ. એચ.બી. ચૌધરી તથા લોકરક્ષક મયુરસિંહ નિકુભા તથા લોકરક્ષક રમેશભાઈ ભુપતભાઈ તથા લોકરક્ષક મથુરભાઈ બાબુભાઈ તથા લોકરક્ષક જયદીપસિંહ દીલાવરસિંહ તથા મહેન્દ્રસિંહ ભરતસિંહ તથા વુમન લોકરક્ષક મીરાબેન ભલેસંગભાઈ.



# મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## ૩૧ ડીસેમ્બર ૨૦૧૯ ના રાત્રીના બનેલ ખુનના ગંભીર ગુન્હાના મુખ્ય આરોપી સહીત તમામ આરોપીઓને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૦૨, ૩૨૩,૨૯૪(ખ),૧૧૪,૧૨૦(બી) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના ફરીયાદીના ભાઇની સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ગઇ તા.૩૧/૧૨/૧૯ ના રાત્રીના કલાક ૨૨/૧૫ વાગ્યાના સુમારે આ કામના આરોપીઓએ ફરીના ભાઇ સાથે બોલાચાલી ઝગડો તકરાર કરી આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારી કરી ફરીયાદીના ભાઇ મરણ જનાર પારસ કૈલાશકુમાર જાતે કઠેરીયા ઉ.વ.૨૨ રહે.ગણેશ ચિક્કીની પાસે ગંગાનગર ગુરુકુપાનગર પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગરનાને ગુનાહીત કાવતરુ રચી આરોપીઓએ બિભત્સ ગાળો બોલી ખંજર, ગુપ્તી જેવા તીક્ષ્ણ હથિયાર વડે ઘા મારી મોતને ઘાટ ઉતારી ગુનો કરી નાસી ગયેલ હોય જેઓને પકડી પાડવા સારૂ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ્ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ્ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝનનાઓના માર્ગદશન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ આરોપીઓને આજરોજ પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

**આરોપીઓના નામ સરનામા**

(૧) અજય જશવંતભાઇ ઉર્ફે જશુભાઇ બ્રહ્મભટ્ટ રહે.કડી ફડી સૈજપુર ટાવર નરોડા અમદાવાદ શહેર

(૨) વિજય જશવંતભાઇ ઉર્ફે જશુભાઇ બ્રહ્મભટ્ટ રહે.કડી ફડી સૈજપુર ટાવર નરોડા અમદાવાદ શહેર

(૩) રવિ રજનીભાઇ નાઇ રહે.માતૃશક્તિ સોસાયટી સેલ્સ ઇન્ડીયાની સામે બાપુનગર અ'વાદ શહેર

(૪) અરુણ ઉર્ફે કાંચો દિનેશભાઇ પ્રજાપતિ રહે.મ.નં.સી/૨૯ ગાયત્રી સોસાયટી સૈજપુર બોઘા નરોડા અમદાવાદ શહેર

(૫) અનિલકુમાર ઉર્ફે કાલુ છબીરામ ગર્ગ રહે.ગાયત્રી સોસા. એક્સેલન્ટ સ્કુલ પાસે, કુબેરનગર, સૈજપુર, અમદાવાદ શહેર

(૬) દિલીપકુમાર વિઠ્ઠલભાઇ બ્રહ્મભટ્ટ(બારોટ) રહે.પરસાણા કાંસાડ પરસાણા ગામ રેલ્વે ક્રોસિંગ પાણીની ટાંકી નીચે શાંતીનગર પરસાણા સુરત

**સારી કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી**

(૧)સર્વેલન્સ પો.સ.ઇ.આર.ડી.જાડેજા (૨)પ્રો.પો.સ.ઇ.વી.એ.હરકટ ,(૩)મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.ન.૭૬૧૧, (૪)પ્રો.મ.સ.ઇ.દિગ્વિજયસિંહ ભારતસિંહ,(૫)પો.કો.ચેતનસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૮૪૬૭, (૬)એલ.આર.અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭, (૭) એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન.૧૨૪૩



# વટવા પોલીસ સ્ટેશન

## ચાઇનીઝ દોરી સાથે બે આરોપીઓને પકડી ચાઇનીઝ દોરીનો ગુના શોધી કાઢતી વટવા પોલીસ

આગામી મકરસક્રાંતી ના તહેવાર અંનુસંધાને અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. “જે” ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ સર્વે. પો.સ.ઇ. પી.કે.ગઢવી નાઓને આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના એ.એસ.આઇ.વિજયરાજસિંહ પ્રતાપસિંહ નાઓની ટીમના અ.પો.કો. જયરાજભાઇ વલકુભાઇ તથા અ.પો.કો.મહેંદ્રસિંહ ગંભીરસિંહ નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે

આજરોજ તા.૦૫.૦૧.૨૦૨૦ ના રોજ વટવા વાંદરવટ તળાવ ચાર રસ્તા પાસેથી આરોપી નામે (૧) પરેશભાઇ સ/ઓ લાલચંદ ગોરમુખદાસ જાતે-ચાવલા ઉ.વ-૧૯ ધંધો-આચાર પાપડની ફેરી રહે-મ.નં-એ/૧૭૩ શાંતી પ્રકાશ હોસ્પીટલની ગલીમાં રાજાવીર રોડ કુબેરનગર અમદાવાદ શહેર તથા (૨) લાલચંદ ગુરનોમલ ટીલ્લુમલ જાતે-દેવનાણી ઉ.વ-૩૨ ધંધો-રીક્ષા ડ્રા. રહે-મ.નં-બી-૯૦ બી વોર્ડ કુબેરનગર છારાનગર રોડ અમદાવાદ શહેર નાઓને (૧) એક સફેદ કલરની સ્વીફ્ટ કાર જેનો નંબર જી.જે.૦૧. એચ.વાય.૮૨૧૭ ની ગાડીમાં ચાઇનીઝ દોરીના રીલ(ટેલર) નંગ-૨૪૦ જેની કિમત રુપિયા ૩૬,૦૦૦/- તથા સ્વીફ્ટ ગાડીની કિમંત રુપિયા ૬,૦૦,૦૦૦/- તથા અલગ-અલગ કંપનીના બે મોબાઇલ ફોન કિમંત રુપિયા ૨૩,૦૦૦/- તથા રોકડ રકમ રુપિયા ૧૨૫૦/- મળી કુલ્લે રુપિયા ૬,૬૦,૨૫૦/- ના મતાનો મુદ્દામાલ તપાસ અર્થે પંચનામા વિગતે કબજે કરી ઉપરોક્ત બન્ને ઇસમોને આજરોજ તા.૦૫.૦૧.૨૦૨૦ ના કલાક ૨૦.૩૦ વાગે પકડી અટક કરી ચાઇનીઝ દોરીનો ગુનો શોધી કાઢેલ છે.



## ઓઢવ પોલીસ સ્ટેશનઃ-

## વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી પાડતી પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી. એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ આપેલ સુચના મુજબ સર્વેલન્સ પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા, અ.હેડ.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪, લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧, લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૨૩૦૨, લોકરક્ષક કરણ ગીરધરભાઈ બનં.૧૨૭૮૧ એ રીતેના નાઓએ લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ તથા લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે પોકેટ કોપની મદદથી "નિકોલ પો.સ્ટેશન ગુ.ર.નં. એ-૧૧૧૯૧૦૧૫૨૦૦૦૧૫ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરાયેલ એક્ટીવા નં-GJ.01.PW.6539 નુ કિ.રૂ.૫૫,૦૦૦/ ના મત્તાના મુદ્દામાલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પાસેથી તા-૦૫/૦૧/૨૦૨૦ ના ક.૧૨/૩૫ વાગે મળી આવતા અનડિટેક્ટ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૫/૦૧/૨૦૨૦.